# નવા સેકટરોમાં રખડતા ઢોર પકડવા તંત્ર હરકતમાં આવ્યુ

**સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ વધ્યો : નવા સેકટરોમાં આજે ઢાર પકડવા ટીમ પહોંચી : સેકટરોના કોમન પ્લોટમાં રખડતા ઢોરનો અડ્ડો સમસ્યાના કાયમી નિકાલ માટે અસરકારક પગલા લેવા માંગ**



ગાંધીનગર તા ૩૧

શહેરમાં રખડતા ઢોરને પકડવા માટે કોર્પોરેશન દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ સેકટરોની શેરીઓમાં થોડા સમયના અંતે જ રખડતા ઢોરનો અડ્ડો યથાવત જોવા મળતા આ સમસ્યાનો કાયમી નિકાલ આવતો નથી અલબત્ત રખડતા ઢોર પકડવા માટે હાથ ધરાતી ઝુંબેશ પણ નાટકીય પુરવાર થઈ રહી છે. જયારે રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. ગંદકીનો પ્રશ્ન પણ હઠીલો બન્યો છે.

આવા સંજોગોમાં આ સમસ્યાને કાયમી દુર કરવા માટે અસરકારક પગલા લેવાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. આજે શેહરના સે-૪ અને સે-૫ માં રખડતા ઢોરને પકડવા માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરી હતી.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દાયકાઓ જુની છે. વર્ષોના અંતે આ સમસ્યા માટે અસરકારક પગલા ન લેવાતા હજુ પણ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં આ પ્રશ્ન જટીલ બન્યો છે. શહેરમાં રખડતા ઢોરના લીધે નગરજનો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરને રખડતા ઢોરની જટીલ સમસ્યામાંથી ઉગારવા માટે ઢારે પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી શહેરમાં રખડતા ઢોરની સમસ્યા જટીલ સ્વરૂપે જ દેખાઈ રહી છે સેકટરોની શેરીઓમાં , શાકમાર્કેટ સહીતના જાહેર સ્થળો ઉપરાંત શોપિંગ બજારો અને રહેણાંક વિસ્તારમાં રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહ્યો છે. શોપિંગ સેન્ટર તેમજ શાકમાર્કેટના વિસ્તારમાં અનેકવાર રખડતા ઢોરે મહીલાઓ તેમજ વૃધ્ધોને અડફેટે લીધા હોવાના કીસ્સા છે. જયારે રખડતા ઢોરના લીધે અનેકવાર જાનલેવા અકસ્માતો પણ સર્જાય છે. રહેણાક વિસ્તારમાં સ્થિત કોમન પ્લોટમાં રખડતા ઢોરના લીધે ગંદકીનુ સામ્રાજય જોવા મળે છે. શહેરને રખડતા ઢોરની સમસ્યામાંથી ઉગારવા માટે મહાનગરપાલિકા દ્વારા ઢોર પકડીને પાંજરા પોળમાં મુકવામાં આવે છે. જયારે ઢોર માલિક પાસેથી દંડ વસુલી કરવામાં આવે છે. પરંતુ અત્યાર સુધીની આ અભિયાન વર્ષ દરમિયાન કયારેક હાથ ધરવામાં આવતુ હોવાથી નાટકીય પુરવાર થયુ છે. નવા સેકટરોમાં આજે કોર્પોરેશનની ટીમ ઢોર પકડવા માટે નિકળી ત્યારે ઢોર માલિકો પણ પાછળ દોડીને પોતાના ઢોરને કેદ થતા બચાવવા દોડતા નજરે પડયા હતા. સે-૪ અને સે-૫ માં આજે કોર્પોરેશનની ટીમ દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરી હતી. સેકટરોમાં આમ પણ રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે સેકટરોની શેરીઓ અને જાહેર માર્ગો પર રખડતા ઢોરના લીધે ઘણીવાર અકસ્માતો સર્જાય છે રખડતા આખલા આમ નાગરિકોને અડફેટે લેતા જાનલેવા પુરવાર થાય છે.

જયારે ગંદકીનો પ્રશ્ન માટે પણ રખડતા ઢોર જવાબદાર છે. આવા સંજોગોમાં કોર્પોરેશન દ્વારા સતત ઝુંબેશ હાથ ધરી રખડતા ઢોરની સમસ્યામાંથી નગરને કાયમી ધોરણે ઉગારવા અસરકારક પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં પુનઃ કડકડતી ઠંડી

**પારો ૯.૫ ડિગ્રી : ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થતાં વસાહતીઓ થર થર ધ્રુજયા : ઠંડા પવનોએ જોર પકડ્યું**

ગાંધીનગર, તા. ૩૧

ઠંડીનો રાઉન્ડ પુનઃ શરૂ થયો છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે જતુ રહ્યુ છે. ઠંડા પવનોના કારણે વસાહતીઓએ ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કર્યુ છે. ઠંડા પવનો વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યાં છે. જાન્યુઆરીના અંતિમ દિવસોમાં ઠંડીએ પુનઃ જોર પકડ્યું છે. લઘુત્તમ તાપમાન છેલ્લા ત્રણ દિવસથી ઘટી રહ્યુ છે.

ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત હીમવર્ષા થઈ રહી છે. હીમવર્ષાના કારણે લઘુત્તમ તાપમાન સતત ગગડતુ જાય છે. પવનોની ગતિ વધતા અને તેની દીશા બદલાતા ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. ગાંધીનગરમાં તેની સવિશેષ અસર થઈ રહી છે.

ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ જે આજે વધુ ઘટીને ૯.૫ ડિ.સે. રહ્યુ છે. દિવસ દરમ્યાન પણ સતત ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે.

ઠંડા પવનોના કારણે વસાહતીઓને દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવા પડ્યા હતા. સાંજ પડતા જ ઠંડીનું આક્રમણ જાણે એકાએક વધી જાય છે. ઠંડા પવનો વધી કાતિલ બનતા ઠંડી વધુને વધુ આકરી બને છે. વસાહતીઓને ઘરની બહાર નીકળવુ હોય તો મુશ્કેલી અનુભવાય છે. મોટા ભાગના વસાહતીઓ બારીબારણા બંધ કરીને ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યાં છે. હજુ એક-બે દિવસ ઠંડીમાં કોઈપણ પ્રકારની રાહત મળે તેવુ લાગતુ નથી.



# ગ્રામીણ વિસ્તારમાં જીવન જીવવાની સાનુકૂળતા અંગે આજથી ખાસ મોબાઈલ એપથી સર્વે હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૧

ભારત સરકારના ગ્રામીણ વિકાસ તથા પંચાયતી રાજ એમ બંને મંત્રાલયો દ્વારા ગ્રામીણ વિસ્તારમાં જીવન જીવવાની સાનુકૂળતા અંગેનો સર્વે ૧લી ફેબ્રુઆરીથી અર્થાત્ આજથી રાજ્યમાં હાથ ધરવામાં આવશે.

આજથી શરૂ થઈ રહેલા આ સર્વેમાં જિલ્લાના ૬૫,૨૯૨ પરિવારોને આવરી લેવામાં આવનાર છે. જિલ્લાના ચારેય તાલુકાવાર તાલુકાવાર જોઈએ તો દહેગામના ૧૭,૪૮૯ પરિવારો, ગાંધીનગરના ૨૦,૮૩૬, કલોલના ૧૫,૮૫૩ પરિવારો તેમજ માણસાના ૧૧,૧૧૪ પરિવારોને આવરી લેવામાં આવશે.

જિલ્લામાં આ સર્વે માટે તલાટીઓને ખાસ તાલિમબદ્ધ પણ કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં જીવન જીવવાની સાનુકૂળતા અંગેના સર્વે માટે ભારત સરકારે ખાસ પ્રશ્નોત્તરી પણ તૈયાર કરી આપી છે.

**જિલ્લામાં ૬૫,૨૯૨ પરિવારોને આ સર્વેમાં આવરી લેવાશે; ૪૦ દિવસ આ સર્વે ચાલશે; ૧૪મી એપ્રિલે સર્વેનું પરિણામ જાહેર થશે : ૧૭ જેટલા વિષયોને આવરી લઈ ૩૬ પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા છે**

૧૭ જેટલા વિષયોને આવરી લઈ ૩૬ જેટલા પ્રશ્નો આ સર્વે માટે રાખવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં મુકાયેલી યોજનાઓ જેવી કે એલ.ઈ.ડી. બલ્બ, બેંકમાં ખાતુ, સ્વચ્છતા, નલ સે જલ, ઉજ્જવલા યોજના, આવાસ, મનરેગા અંતર્ગત રોજગારી, સંદેશા વ્યવહાર અકસ્માત વીમા કવચ સહિતની વિવિધ બાબતોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે બે દિવસની ખાસ તાલિમ આ માટે આપવામાં આવી છે.

ભારત સરકારના ગ્રામીણ મંત્રાલયે વર્ષ ૨૦૧૨-૧૩માં ગ્રામીણ વિકાસ માટે રૂ. ૫૦,૧૬૨ કરોડનો ખર્ચ કર્યો હતો જયારે ૨૦૧૪-૧૫માં રૂ. ૧,૧૨,૪૦૪ કરોડનો ખર્ચ કર્યો હતો. હવે સરકાર આ પછી ગ્રામીણ જીવનની શૈલીમાં શું પરિવર્તનો આવ્યા તેના પરિણામ પર મીટ માંડીને બેઠેલ છે. ટકાઉ વિકાસ માટેના ગોલમાં ૧૭ પ્રકારના ગૌણ લક્ષ્યાંકોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ લક્ષ્યાંકોમાં ગુડ ગર્વનન્સ, આર્થિક અને સામાજિક વિકાસને ધ્યાને રાખી વિવિધ કામગીરી કરવાની થાય છે. આ કામગીરીમાં વ્યકતીગત સામાજિક કલ્યાણકારી યોજનાઓની લોકો પર શું અસર થાય છે અને તેના પરિણામે ટકાઉ વિકાસ ગોલમાં ફેરફાર માપવા માટે ૧૭ માપદંડો નિયત કરાયા છે.

આ સર્વેની કામગીરી ૪૦ દિવસ સુધી ચાલશે. અર્થાત્ ૧લી ફેબ્રુઆરીથી લઈ ૧૨મી માર્ચ સુધી ચાલશે. આ પછી પાંચ દિવસ દરમ્યાન અર્થાત્ ૧૮મી માર્ચ સુધી ડેટાની ચકાસણી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. આ અહેવાલ ૧૪મી એપ્રિલના રોજ પ્રજાજનો માટે પ્રકાશિત કરી જાહેરમાં મુકવામાં આવશે.

મોબાઈલ એપથી આ સર્વે કરવામાં આવનાર હોવાથી બે

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં રેલવે ક્રોસિંગ પર ૧૬ ઓવરબ્રિજ બનશે

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ફાટકમુક્ત ગુજરાતની નેમને સાકાર કરવાની દિશામાં આગળ ધપતા રાજ્યની ૨૦ નગરપાલિકા વિસ્તારમાં આવેલા રેલ્વે ક્રોસિંગ પર ૧૬ રેલ્વે ઓવરબ્રિજ અને ૧૦ રેલ્વે અંડરબ્રિજ માટે ૭૫૭.૩૭ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજુરી આપી છે. વિજય રૂપાણીએ આપેલી આ મંજૂરી અનુસાર જે ૧૬ નગરોમાં રેલ્વે ઓવરબ્રિજ બનવાના છે તેમાં ઓખા, પાલીતાણા, પાટણ, તલોદ, વિસનગર, કરમસદ, ઉમરેઠ અને બારડોલીમાં ૧-૧ રેલ્વે ઓવરબ્રિજ તેમજ વેરાવળ, હિંમતનગર, આણંદ અને પેટલાદમાં ૨-૨ ઓવરબ્રિજ બનશે. મુખ્યમંત્રીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આ રેલ્વે ઓવરબ્રિજ તેમજ રેલ્વે અંડરબ્રિજના કામો માટે મંજુરી આપી છે.

# રેનબસેરા પ્રોજેક્ટ અંગે કુડાસણ-સરગાસણ પંચાયતે વિરોધ કર્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ''રેનબસેરા'' પ્રોજેક્ટના કામનો આરંભ થતાં જ આજે કુડાસણ અને સરગાસણ ગામની ગ્રામ પંચાયતે વિરોધ નોંધાવી આ પ્રોજેક્ટ અન્યત્ર ખસેડવા માંગ કરતો પત્ર મ્યુનિ. કમિશ્નરને લખ્યો છે.

આ બન્ને ગામના વિસ્તારોમાં આવેલી સોસાયટીઓના રહીશોએ આ પ્રોજેક્ટને લઈ વિરોધ પંચાયત કચેરીએ નોંધાવતાં પંચાયતો હરકતમાં આવી છે.

ગુડાની આ જમીન હતી અને તે મનપાને રેનબસેરા પ્રોજેક્ટ માટે ફાળવી આપી હતી. આ પ્લોટ એ સોસાયટીના કોમન પ્લોટનો વિવાદ ગુડામાં ચાલતો હોવાની વાત પણ બહાર આવવા પામી છે.

આ બન્ને પંચાયતો દ્વારા વિરોધ થતાં હવે મનપા શું વલણ રહેશે તેના પર સૌની નજર મંડાયેલી છે. વિકાસનું આ મહત્વનું કદમ મનપા દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

૧૩૮ જેટલા લોકો આ રેનબસેરામાં રહી શકે તેવો પ્રોજેક્ટ છે અને ગુડાએ ૩ હજાર ચો.મી. જેટલી જગ્યાની ફાળવણી મનપાને કરી હતી જે નોંધનીય છે.

# સેક્ટર-૧૬માં જર્જરિત ૬૪ મકાનો તોડવાની કામગીરી આરંભાઈ



ગાંધીનગર તા ૩૧

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે. જયારે જુના અને જર્જરિત મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે સે-૧૬ માં જ અને ચ કક્ષાના મકાનો તોડવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સે-૧૬ માં ૬૪ મકાનો તોડી નાંખવામાં આવશે. આ ઉપરાંત આગામી દિવસામાં નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરાશે.

શહેરમાં સરકારી આવાસો તોડવા માટે તબક્કાવારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં નવા સરકારી આવાસોના નિર્માણ માટે પણ હાલ સે-૬ માં કામગીરી ચાલી રહી છે. જયારે શહેરમાં નવા આવાસો બનાવવા માટે પણ ટુંકમાં સાઈટ નક્કી કરાશે. ત્યારે જુના અને જર્જરિત મકાનો તોડીને નવા બનાવવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવે તે માટે જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. નગરના જુના કહેવાતા સે-૧૬ માં પણ ચ

● અનુસંધાન પાન-૭ પર

# આજે બીએસએનએલના ૪૮ કર્મચારીઓએ સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આજે બી.એસ.એન.એલ.ના ૪૮ કર્મચારીઓએ સ્વૈચ્છીક નિવૃત્તિનો વિકલ્પ સ્વીકારી નિવૃત્ત થયા છે.

જિલ્લામાં ૧૩૬ જેટલા કર્મચારીઓ આ ભારત સંચાર નિગમમાં ફરજો બજાવતા હતા. બી.એસ.એન.એલ. દ્વારા ૫૦ વર્ષથી વધુ વયના કર્મચારીઓ માટે સ્વૈચ્છીક નિવૃત્તિની ઓફર આપી હતી અને આ ઓફરનો આજે આખરી દિવસ હતો.

આ ઓફર પ્રમાણે સાડાત્રણ વર્ષનો પગાર એક્સ ગ્રેસિયા તરીકે ચુકવી આપવાની વાત હતી. છેલ્લા ઘણા સમયથી ભારત સંચાર નિગમની નાણાંકીય સ્થિતિ ડામાડોળ બની હોવાથી કર્મચારીઓ માટે નિવૃત્તિની આ ઓફર આપવામાં આવી હતી.

આજે એક સાથે ગાંધીનગર જિલ્લામાં ૪૮ કર્મચારીઓએ સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારી છે. બિનસત્તાવાર વિગતો પ્રમાણે રાજ્યમાંથી ૩ હજાર જેટલા જયારે દેશમાંથી ૫૭ હજાર જેટલા કર્મચારીઓએ આ સ્વૈચ્છીક નિવૃત્તિ યોજનાનો લાભ લીધો છે.

જિલ્લામાં આજે બી.એસ.એન.એલ.નું સંખ્યાબળ ઘટીને હવે ૮૦ જેટલુ રહેવા જાય છે. આની સીધી અસર બી.એસ.એન.એલ.ની સેવાઓ પર પડશે તેમ મનાઈ રહ્યુ છે. એક તબક્કે બી.એસ.એન.એલ. એ આવકનું મોટુ સ્ત્રોત ગણાતુ હતુ.

ગાંધીનગર ખાતે બી.એસ.એન.એલ.ની કચેરીમાં આજે સ્વૈચ્છીક થયેલા કર્મચારીઓને નિવૃત્ત થયા અંગેના પ્રમાણપત્રો અને અન્ય જરૂરી દસ્તાવેજો પણ આપી દેવામાં આવ્યા હતા.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

**વળતર તરીકે રૂ ૪.૫૦ લાખ ચુકવી આપવા કોર્ટનો આદેશ**

ગાંધીનગર તા ૩૧

પાંચ લાખના ચેક રીટર્ન કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ કેસમાં કોર્ટે આરોપીને રૂ ૪.૫૦ લાખ વળતર તરીકે ચુકવવા પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર કુડાસણ ખાતે રહેતા રવિકુમાર પસાભાઈ પટેલ તેમજ આરોપી નિસીતુ લક્ષ્મણભાઈ વાઘેલા રહે દરબાર વાસ સરગાસણ બન્ને વચ્ચે મિત્રતાના સંબંધ હતા. જયારે આ મિત્રતાના સંબંધને અનુલક્ષી રવિકુમારે ધંધાના વિકાસ અર્થે આરોપીને વર્ષ ૨૦૧૮ ઓગષ્ટ મહીનામાં રૂ ૫ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે ૬ મહીનાના નિયત સમયના અંતે ફરિયાદીએ લેંણી રકમની ઉઘરાણી કરતા આરોપીએ ચેક આપ્યો હતો. જયારે આ ચેક બેંકમાંથી રીટર્ન થયો હતો. જયારે ફરિયાદીને આ અંગે નોટીસ આપતા આરોપીએ ઉડાઉ જવાબ આપ્યો હતો. જેથી આરોપી વિરુધ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની ચોથા એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા દલીલો તેમજ પુરાવાના અંતે કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જયારે લેંણી રકમ પૈકીના ૫૦ હજાર આરોપીને પરત કર્યા હોવાથી બાકીની રકમ રૂ ૪.૫૦ લાખ વળતર પેટે ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# વનબંધુ ધરતીપુત્રો ઉનાળાની ઋતુમાં પણ પાક લઈ શકશે

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દક્ષિણ ગુજરાતના અંતરિયાળ વનબંધુ જિલ્લા ડાંગમાં વનવાસી ખેડૂતોને વ્યાપક સિંચાઈ સુવિધા મળી રહે તે માટે ડાંગ પ્રદેશની ૪ મોટી નદીઓ અને તેની પ્રશાખાઓ પર ૨૪ જેટલા મોટા હાઈડ્રોલિક સ્ટોરેજ સ્ટ્રકચર ચેકડેમ બનાવવા માટે ૨૬ કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com